


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 162
Dt.: 18-04-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa


### લોકસભામાં રાહુલ ગાંધીનું સંબોધન

# આ મહિલાઓ માટેનો કાયદો નથી, ભારતનો ચૂંટણી નકશો બદલવાનું કાવતરું

## આ બિલનો મહિલા સશક્તિકરણ સાથે કોઈ લેવાદેવા નથી : સરકાર માત્ર સત્તા જાળવી રાખવા માટે આ દાવ રમી રહી છે : રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદના વિશેષ સત્રમાં સરકારે મહિલા અનામત (૧૩૧મો બંધારણીય સુધારો) અને સીમાંકન **(Delimitation)** બિલ રજૂ કર્યું હતું મતદાન પહેલા લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ સંસદમાં સંબોધન કર્યું હતું. ભાષણની શરૂઆતમાં જ જ્યારે સ્પીકરે તેમના હાથમાં લાગેલી ઈજા વિશે પૂછ્યું, ત્યારે તેમણે સ્મિત સાથે જવાબ આપ્યો કે, સર, અંગૂઠામાં ઈજા થઈ છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે રાષ્ટ્રીય પરિદ્રશ્યમાં મહિલાઓ એક સેન્ટ્રલ ફોર્સ છે. આપણા સૌના જીવનમાં માતા અને બહેન તરીકે મહિલાઓનું સ્થાન અત્યંત મહત્વનું છે. પોતાની બહેન પ્રિયંકા ગાંધીના સંબોધનનો ઉલ્લેખ કરતા રાહુલે સ્વીકાર્યું કે, ગઈકાલે જ્યારે પ્રિયંકા બોલી રહી હતી, ત્યારે તેણે માત્ર ૫ જ મિનિટમાં એ કરી બતાવ્યું જે હું ૨૦ વર્ષમાં કરી શક્યો નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે પ્રિયંકા ગાંધીના ભાષણ દરમિયાન ગૃહમંત્રી અમિત શાહના ચહેરા પર સ્મિત જોવા મળ્યું, જે આજ સુધી હું પણ કરી શક્યો નથી.

સંબોધનની શરૂઆતમાં રાહુલ ગાંધીએ હસતા હસતા કહ્યું, જુઓ, મને અને વડાપ્રધાનને કોઈ વાઈફ ઈશ્યુ નથી!. રાહુલ ગાંધીના આ વિનોદ પર પરિસરમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું.

રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, પહેલું સત્ય તો એ છે કે આ મહિલા અનામત બિલ નથી, કારણ કે તે તો ૨૦૨૩માં જ પસાર થઈ ચૂક્યું છે. આ બિલ દેશનો ચૂંટણી નકશો બદલવાનો પ્રયાસ છે. આ બિલનો મહિલા સશક્તિકરણ સાથે કોઈ લેવાદેવા નથી. સરકાર માત્ર સત્તા જાળવી રાખવા માટે આ દાવ રમી રહી છે. આ બિલ દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગોના અધિકારો છીનવી લેવાનો એજન્ડા છે. આનાથી તેમની ભાગીદારી ઓછી થઈ જશે. સરકારે જે પ્રયોગ કાશ્મીર અને આસામમાં કર્યો તે જ હવે આ રાષ્ટ્રવિરોધી દ્વારા સમગ્ર દેશમાં કરવા માંગે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે દેશ જ્યારે જાતિ આધારિત વસતી ગણતરીની માંગ કરી રહ્યું છે, ત્યારે સરકાર આ બિલ લાવીને લોકોનું ધ્યાન ભટકાવી રહી છે. આ પગલું બંધારણીય મૂલ્યોને બાજુ પર મૂકીને મનુવાદી વિચારધારાને પ્રોત્સાહન આપવા માટે છે. અમે દેશમાં બંધારણના શાસનને નબળું પડવા દઈશું નહીં. તમે આદિવાસીઓને હિન્દુ કહો છો પણ તેમને યોગ્ય સ્થાન આપતા નથી.

રાહુલ ગાંધીએ એક જાદુગરની વાર્તા સંભળાવતા કહ્યું કે, એક જાદુગરે એક ભૂલ કરી અને પછી તે ક્યારેય જાદુ કરી શક્યો નહીં. આજે દેશમાં દરેક જાણે છે કે અસલી જાદુગર અને બિઝનેસમેન કોણ છે. તેમના આ નિવેદન પર સત્તાપક્ષે ભારે હોબાળો કર્યો હતો.

કિરેન રિજિજૂએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ પાર્ટીએ હંમેશા ઓબીસી અનામતનો વિરોધ કર્યો છે, જેના કારણે ગૃહમાં લાંબા સમય સુધી સૂત્રોચ્ચાર અને હંગામો ચાલ્યો હતો.



### વડાપ્રધાન મોદીએ પાઠવ્યા અભિનંદન

# હરિવંશ નારાયણસિંહ ત્રીજી વખત રાજ્યસભાના ઉપસભાપતિ બન્યા

## હરિવંશ નારાયણ સિંહ એક એવું નામ છે, જે પત્રકારિતાથી શરૂ થઈને રાજકીય ક્ષેત્રે મહત્વની જવાબદારી સુધી પહોંચ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જનતા દળ (યુનાઈટેડ)ના વરિષ્ઠ નેતા હરિવંશ નારાયણ સિંહ સતત ત્રીજી વખત રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. હરિવંશ નારાયણ સિંહ કોઈ વિરોધ વગર ઉપસભાપતિ તરીકે ચૂંટાયા છે. જે બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને અભિનંદન પાઠવ્યા છે, તો બીજી તરફ કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ તેમને ત્રીજા કાર્યકાળ માટે અભિનંદન પાઠવ્યા છે.

વડાપ્રધાન મોદીએ હરિવંશ નારાયણ સિંહ અભિનંદન પાઠવતા કહ્યું કે, "હરિવંશજીનો જન્મ જયપ્રકાશ નારાયણ **(JP)**ના ગામમાં થયો છે અને તેમનું જાહેર જીવન તેમના મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે. સતત ત્રીજી વખત ઉપસભાપતિ તરીકે ચૂંટાવું એ ગૃહનો તેમના પ્રત્યેના અતૂટ વિશ્વાસનો પુરાવો છે." હરિવંશ નારાયણ સિંહ એક એવું નામ છે, જે પત્રકારિતાથી શરૂ થઈને રાજકીય ક્ષેત્રે મહત્વની જવાબદારી સુધી પહોંચ્યા છે. ૩૦ જૂન ૧૯૫૬ના રોજ ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લામાં સિતાબ દિયારા ગામમાં એક સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા હરિવંશ નારાયણ સિંહ આજે ભારતીય સંસદના ઉપલા ગૃહ રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે જાણીતા છે. આ ગામ લોકનાયક જયપ્રકાશ નારાયણનું પણ વતન છે, જેની અસર હરિવંશના વ્યક્તિત્વ પર સ્પષ્ટ દેખાય છે.

હરિવંશ નારાયણ સિંહે પોતાનું પ્રારંભિક શિક્ષણ ગામની શાળાથી મેળવ્યું. ત્યારબાદ જયપ્રકાશ નારાયણના નામે ચાલતા ઈન્ટર કોલેજમાંથી હાઈસ્કૂલનો અભ્યાસ કર્યો. આ પછી વારાણસીમાં યુપી કોલેજમાંથી ઈન્ટરમીડિયેટ પૂર્ણ કર્યા પછી તેઓ કાશી હિંદુ વિશ્વવિદ્યાલય **(BHU)** પહોંચ્યા. અહીંથી તેમણે અર્થશાસ્ત્રમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું અને ૧૯૮૦ના દાયકામાં પોતાના કરિયરની શરૂઆત હિન્દી અખબાર ધર્મયુગથી એક પત્રકાર તરીકે કરી.

૧૯૮૧થી ૧૯૮૪ સુધી તેઓએ બેંક ઓફ ઈન્ડિયામાં સરકારી અધિકારી તરીકે પણ કામ કર્યું, પરંતુ પરિવારની ઈચ્છા વિરુદ્ધ તેમણે આ સરકારી નોકરી છોડીને ફરી પત્રકારિતા તરફ વળ્યા. ૧૯૮૯માં તેઓ રાંચીથી પ્રકાશિત થતા અખબાર પ્રભાત ખબર સાથે જોડાયા. ત્યારે આ અખબાર લગભગ બંધ થવાની સ્થિતિમાં હતું. હરિવંશ સિંહની મહેનત, નેતૃત્વ ક્ષમને કારણે પ્રભાત ખબર બિહાર-ઝારખંડના એક મુખ્ય અને પ્રતિષ્ઠિત અખબાર તરીકે ઊભરી આવ્યું. તેઓ અખબારના પ્રધાન સંપાદક બન્યા અને અનેક મોટા કૌભાંડ ઉજાગર કર્યા.

વર્ષ ૧૯૯૦માં પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના કાર્યકાળ દરમિયાન હરિવંશ સિંહે તેમના મીડિયા સલાહકાર (પીએમઓમાં) તરીકે કામ કર્યું. જ્યારે ચંદ્રશેખર સરકાર પડી ગઈ ત્યારે તેઓ ફરીથી પત્રકારિતામાં પરત આવ્યા અને પ્રભાત ખબર સાથે જોડાઈ ગયા.

૨૦૧૪માં જનતા દળ (યુનાઈટેડ) તરફથી બિહારમાંથી તેઓ રાજ્યસભા સદસ્ય તરીકે ચૂંટાયા. આ પછી તેમણે પ્રભાત ખબરના સંપાદક પદ પરથી રાજીનામું આપી દીધું. ૨૦૧૮માં તેઓ પહેલી વખત અને ૨૦૨૦માં બીજી વખત રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે ચૂંટાયા. હવે તેઓ સતત ત્રીજીવાર રાજ્યસભાના ઉપસભાપતિ તરીકે ચૂંટાયા છે.

### કોર્ટે કહ્યું આ તપાસનો વિષય છે

# રાહુલ ગાંધીને હાઈકોર્ટનો મોટો ઝટકો, બેવડી નાગરિકતા કેસમાં નોંધાશે FIR

(સંપૂર્ણ સમાચાર સેવા)પ્રયાગરાજ

કોંગ્રેસ સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીની બેવડી નાગરિકતા મામલે મુશ્કેલીઓ વધી ગઈ છે. અલ્હાબાદ હાઈકોર્ટે રાહુલ ગાંધી વિરુદ્ધ **FIR** નોંધવાનો આદેશ આપ્યો છે. બેવડી નાગરિકતા સાથે જોડાયેલા આ મામલામાં અલ્હાબાદ હાઈકોર્ટની લખનઉ બેંચે શુક્રવારે આ ચુકાદો આપ્યો હતો. કોર્ટે કહ્યું છે કે, રાજ્ય સરકાર કાં તો પોતે તપાસ કરે અથવા સેન્ટ્રલ એજન્સીને રિફર કરીને તપાસ કરાવે, પરંતુ આ આરોપ તપાસનો વિષય છે. આ મામલો રાયબરેલી ટ્રાયલ કોર્ટમાંથી ફગાવી દેવામાં આવ્યા બાદ હાઈકોર્ટ પહોંચ્યો હતો. હાઈકોર્ટે નીચલી અદાલતના નિર્ણયને પલટી નાખ્યો છે.

અરજીમાં ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના લખનઉ સ્પેશિયલ **MP-MLA** કોર્ટના આદેશને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે. આ આદેશમાં રાહુલ ગાંધી વિરુદ્ધ **FIR** નોંધવાની માગને ફગાવી દેવામાં આવી હતી. નીચલી અદાલતે કહ્યું હતું કે, નાગરિકતાનો મુદ્દો નક્કી કરવાનો અધિકાર તેની પાસે નથી. અરજીકર્તાએ રાહુલ ગાંધી વિરુદ્ધ **FIR** નોંધીને વિગતવાર તપાસની માગ કરી છે. ત્યારબાદ હાઈકોર્ટે મામલાની સુનાવણી માટે ૧૫ એપ્રિલની તારીખ નક્કી કરી હતી.

બીજી તરફ સુલતાનપુર જિલ્લાની **MP-MLA** કોર્ટમાં રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિ કેસની શુક્રવારે સુનાવણી ટળી ગઈ હતી. **MP-MLA** કોર્ટમાં હવે ૨૨ એપ્રિલે આગામી સુનાવણી થશે. શુક્રવારે આ મામલે દલીલો થવાની હતી, પરંતુ ફરિયાદી પક્ષે મુલતવી રાખવાની માગ કરી હતી. ૮ વર્ષ જૂના નિવેદન અંગે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. આ વિવાદ ગૃહમંત્રી અમિત શાહ પર કરવામાં આવેલી ટિપ્પણી સાથે જોડાયેલો છે. ભાજપના નેતા વિજય મિશ્રાએ રાહુલ ગાંધી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ મામલામાં રાહુલ ગાંધી પોતાનું નિવેદન નોંધાવી ચૂક્યા છે.

# અમેરિકાના પ્રતિબંધો છતાં ભારત રશિયા પાસેથી ઓઈલ-LPG ખરીદતું રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાએ તાજેતરમાં જ ભારત અને એશિયાના દેશોને ઝટકો આપતાં રશિયા અને ઈરાન પાસેથી ઓઈલ ખરીદવા સામે આપેલી ૩૦ દિવસની રાહતને ખતમ કરી દીધી છે. હવે કોઈ પણ દેશ અમેરિકાના નિર્ણય વિરુદ્ધ ઓઈલ ખરીદી ચાલુ રાખશે તો તેની સામે પ્રતિબંધ મૂકવાની ધમકીઓ આપવામાં આવી છે. આ સૌની વચ્ચે ભારત સરકાર સાથે સંબંધિત સૂત્રોનો દાવો છે કે અમેરિકાના પ્રતિબંધોનો ડર છતાં ભારત રશિયા પાસેથી ઓઈલ અને એલપીજીની ખરીદી ચાલુ રાખશે. સૂત્રોએ કહ્યું કે ભારતની ઊર્જા નીતિ સંપૂર્ણ પણે ભારતનો આંતરિક મામલો છે અને અમેરિકાના પ્રતિબંધોથી તેને કોઈ લેવા દેવા નથી. એક રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને કહેવાયું છે કે ભલે અમેરિકાએ ૩૦ દિવસની છૂટ આગળ નથી વધારી પરંતુ ભારતની રિફાઈનરીઓ પહેલાની જેમ જ એ કંપનીઓ અને જહાજોથી ઓઈલની ખરીદી ચાલુ રાખશે જે પ્રતિબંધના દાયરામાં નથી. એક અધિકારીએ કહ્યું કે આ છૂટ આપવી કે છૂટ આપવી કે ન આપવી એ અમેરિકાનો અધિકાર હશે પણ તેનાથી ભારતની નીતિ ન નક્કી થાય. બિન પ્રતિબંધિત સ્ત્રોતના માધ્યમથી ઓઈલ અને એલપીજીની ખરીદી સદંતર ચાલુ રહેશે.

### ૨૧ શ્રમિકોના મોત મામલે બેદરકારીનો આરોપ

# વેદાંતાના માલિક અનિલ અગ્રવાલ વિરુદ્ધ FIR

## છત્તીસગઢના વેદાંત પાવર પ્લાન્ટમાં થયેલા ભીષણ બોઈલર વિસ્ફોટ મામલે પોલીસે મોટી કાર્યવાહી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાંચી

છત્તીસગઢના શક્તિ જિલ્લામાં આવેલા વેદાંત પાવર પ્લાન્ટમાં થયેલા ભીષણ બોઈલર વિસ્ફોટ મામલે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૧ શ્રમિકોના મોત નિપજ્યા છે. જ્યારે અનેક હજુ પણ હોસ્પિટલમાં જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. પોલીસે આ મામલે ગંભીર બેદરકારી બદલ વેદાંત ગ્રુપના ચેરમેન અનિલ અગ્રવાલ અને પ્લાન્ટ મેનેજર દેવેન્દ્ર પટેલ સહિતના જવાબદાર અધિકારીઓ સામે ગુનો નોંધી તપાસ તેજ કરી છે. ૧૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ બપોરે ૨:૩૩ વાગ્યે જ્યારે શ્રમિકો કામ કરી રહ્યા હતા, ત્યારે બોઈલર-૧માં જોરદાર વિસ્ફોટ થયો હતો. બોઈલર મુખ્ય નિરીક્ષકના રિપોર્ટ અનુસાર બોઈલર ફર્નેસની અંદર જરૂર કરતા વધુ ઈંધણ જમા થઈ ગયું હતું. જેના કારણે અચાનક અસામાન્ય દબાણ ઉભું થયું અને વિસ્ફોટ થયો. આ દબાણ એટલું પ્રચંડ હતું કે બોઈલરની નીચેની પાઈપલાઈન પોતાની જગ્યાએથી ખસી ગઈ અને લોખંડનું આખું માળખું ધરાશાયી થઈ ગયું.

તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, દુર્ઘટનાના કલાકો પહેલા જ પ્લાન્ટના સેફટી સિસ્ટમમાં રેડ એલર્ટ આવી રહ્યા હતા. સવારથી જ પ્રાઈમરી એર **(PA)** ફેન વારંવાર ફેઈલ થઈ રહ્યો હતો. કંટ્રોલ રૂમની લોગબુક મુજબ સવારે ૧૦:૩૦ વાગ્યે ખામી નોંધાઈ હોવા છતાં પ્લાન્ટ બંધ કરવામાં આવ્યો નહોતો.

સૌથી ગંભીર બાબત એ છે કે ટેકનિકલ ખામી હોવા છતાં, બપોરે ૧:૦૩ થી ૨:૦૯ ની વચ્ચે બોઈલરનો લોડ ૩૫૦ મેગાવોટથી વધારીને ૫૯૦ મેગાવોટ કરી દેવામાં આવ્યો હતો. માત્ર એક કલાકમાં ઉત્પાદન લગભગ બમણું કરવાની આ ઉતાવળે જ મજૂરો માટે મોતનો છટકું તૈયાર કર્યું હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે.

પોલીસ અધિક્ષક પ્રફુલ્લ ઠાકુરના નિર્દેશ પર ડભરા પોલીસ સ્ટેશનમાં અનિલ અગ્રવાલ, દેવેન્દ્ર પટેલ અને **NGSL** કંપનીના જવાબદાર અધિકારીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા **(BNS)** ની કલમ ૧૦૬(૧), ૨૮૯ અને ૩(૫) હેઠળ **FIR** નોંધવામાં આવી છે. એડિશનલ એસપી પંકજ પટેલના નેતૃત્વમાં **SIT** આ મામલે ઊંડી તપાસ કરી રહી છે.




### TCS નાસિક ધર્મ પરિવર્તન કેસમાં નવા આરોપ

# મહિલાઓ પર હોટલમાં આવવા દબાણ કરાતું!

## મહિલાઓ જ્યારે તહેવારો પર સાડી કે બિંદી લગાવીને આવતી ત્યારે અભદ્ર ટિપ્પણીઓ કરવામાં આવતી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નાસિક

દેશની સૌથી મોટી આઈટી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ **(TCS)** ના નાસિક યુનિટમાંથી એક એવો કિસ્સો સામે આવ્યો છે જેણે સમગ્ર કોર્પોરેટ જગતને હચમચાવી દીધું છે. કંપનીના ભૂતપૂર્વ મહિલા કર્મચારીઓએ ટીમ લીડર્સ **(TL)** પર માનસિક ઉત્પીડન, યૌન શોષણ અને પદ્ધતિસરનું ધર્મ પરિવર્તનનું સિન્ડિકેટ ચલાવવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ મામલો હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે.

એક ભૂતપૂર્વ મહિલા કર્મચારીએ એક સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તેમણે જણાવ્યું કે, ટીમ લીડર્સ ઓફિસ ડેસ્કનો ઉપયોગ કામ માટે નહીં, પરંતુ મહિલા કર્મચારીઓના માનસિક અને નૈતિક શોષણ માટે કરતા હતા. મહિલાઓને **TL** ડેસ્ક પર બોલાવીને એવી ગંદી અને અશ્લીલ ભાષામાં વાત કરવામાં આવતી જેની કોઈ વ્યાવસાયિક ઓફિસમાં કલ્પના પણ ન કરી શકાય. મુખ્ય આરોપી તૌસીફ અત્તાર હિન્દુ ધર્મ અને પરંપરાઓની મજાક ઉડાવતો હતો. મહિલાઓ જ્યારે તહેવારો પર સાડી કે બિંદી લગાવીને આવતી ત્યારે તેમના પહેરવેશ અને ધર્મ પર અભદ્ર ટિપ્પણીઓ કરવામાં આવતી હતી. સુરક્ષાના નામે કર્મચારીઓના ફોન, બેગ અને લંચ બોક્સ પણ ઓફિસ ફ્લોરની બહાર રખાવવામાં આવતા હતા, જેથી અંદર થતી પ્રવૃત્તિઓ ઓફ ધ રેકોર્ડ રહે. મહિલા કર્મચારીએ એવો પણ દાવો કર્યો કે, કૃષ્ણા નામના એક સાથીદાર, જે રૂદ્રાક્ષની માળા પહેરતા હતા, તેમનું ધર્મ પરિવર્તન કરાવી દેવાયું હતું. અન્ય આરોપીઓ ડેનિશ અને રઝા ઓફિસમાં બેસીને જ વીકેન્ડ માટે હોટેલ્સ અને રિસોર્ટ બુક કરતા હતા અને યુવતીઓ પર ત્યાં આવવા માટે દબાણ કરતા હતા.નાસિક પોલીસે આ મામલે ગંભીરતા દાખવીને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ **(SIT)** ની રચના કરી છે. ફેબ્રુઆરી ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૬ દરમિયાન થયેલા શોષણ મામલે ૮ મહિલાઓએ ફરિયાદ નોંધાવી છે. અત્યાર સુધીમાં ૭ કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે. **TCS** એ આ તમામ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધા છે. જ્યારે અન્ય એક મહિલા કર્મચારી હાલ ગુમ હોવાનું જાણવા મળ્યું છે.

ધરપકડ કરાયેલા આરોપીઓ

ડેનિશ શેખ

તૌસીફ અત્તાર

રઝા મેમણ

શાહરૂખ કુરેશી

શફી શેખ

આસિફ આફતાબ અંસારી

નિદા ખાન (**HR** મેનેજર)

આ મામલે એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને છેતરપિંડીથી થતા ધર્મ પરિવર્તન પર અંકુશ લાવવાની માંગ કરી છે. અરજીમાં જણાવાયું છે કે નાસિકની આ ઘટનાએ દેશના નાગરિકોના અંતરાત્માને હચમચાવી દીધો છે અને તે રાષ્ટ્રીય અખંડિતતા માટે ખતરો છે.

